ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨
ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,**ભાવનગર.**
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૨૭/૨૨–૨૩/ 2715 તારીખ : 01 SEP 2022

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી પનારીયા જયંતિભાઈ ધનજીભાઈ,**
**ગામ–ઉમરડા, પો.ઉમરડા,**
**તા.મૂળી,**
**જી.સુરેન્દ્રનગર.**

કેસ નં.૨૭/૨૨–૨૩

**મો.નં – ૯૯૦૪૯૪૨૪૫૨**

**વિષય : પીડીસી થયેલ ઈન્ડ.કનેકશનનું બિલ બાકી નીકળવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.નીલ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૦૭/૦૭/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૭/૨૨–૨૩/૨૨૯૦ તા.૧૨/૦૭/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૭/૨૨–૨૩/૨૩૨૩ તા.૧૫/૦૭/૨૦૨૨.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૭/૨૨–૨૩/૨૫૭૭ તા.૦૮/૦૮/૨૦૨૨.

શ્રીમાન,
આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૩/૦૮/૨૦૨૨** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**
*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **મૂળી.**

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૨૭/૨૨–૨૩** ☜

વાદી :– **શ્રી પનારીયા જયંતિભાઈ ધનજીભાઈ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૨૩/૦૮/૨૦૨૨** ◈

હાજર રહયા :– **શ્રી પનારીયા જયંતિભાઈ ધનજીભાઈ (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એચ.પી.રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી પનારીયા જયંતિભાઈ ધનજીભાઈ, મું.ઉમરડા, તા.મૂળી,જી.સુરેન્દ્રનગરની પીડીસી થયેલ ઈન્ડ.કનેકશનનું બિલ બાકી નીકળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૨૭/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૭/૨૨–૨૩/૨૨૯૦ તા.૧૨/૦૭/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૬/૦૭/૨૦૨૨ તથા તા.૨૩/૦૮/૨૦૨૨** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી પનારીયા જયંતિભાઈ ધનજીભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એચ.પી.રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ શ્રી પનારીયા જયંતિભાઈ ધનજીભાઈ, ઉમરડા ગામમાં રહેઠાણ ધરાવે છે. તેઓ ગ્રાહક નં–૨૭૬૪૪/૦૦૦૦૬/૬ થી ૮ કિ.વો. નું ( L-1 જુનો ટેરીફ) ઔધોગીક વિજ કનેકશન ધરાવતા હતા.

૧.૨ વાદીની રજૂઆત છે કે, ગ્રાહક નં–૨૭૬૪૪/૦૦૦૦૬/૬ વાળું વિજ કનેકશન તા.૧૮/૦૩/૧૯૯૭ ના રોજ પીડીસી થયેલ છે. અને તે નોટીસ મુજબનું બાકી રહેલ બિલ પીડીસી તારીખ સુધીનુ તેઓ દ્વારા ભરપાઈ કરી આપેલ છે.

૧.૩ વાદીની રજૂઆત છે કે, મારૂં સદર વિજ કનેકશન ગેટ પાસ નં–૦૦૧૦૧૦ થી તા.૧૮/૦૩/૧૯૯૭ ના રોજ પીડીસી કરી માલસામાન જમા કરવામાં આવેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૪ સદર બાબતે નાયબ ઈજનેર મૂળી સમક્ષ રૂબરૂ તમામ દસ્તાવેજી પુરાવા લઈને રજૂઆત કરવા વારંવાર ગયેલ હોવા છતાં, કોઈપણ કર્મચારી દ્વારા સંતોષકારક જવાબ આપવામાં આવેલ નથી. મૂળી વિજ કચેરી ખાતે વાંરવાર નાયબ ઈજનેર બદલતા હોવાને લીધે કોઈ કર્મચારી દ્વારા જવાબ આપવામાં આવેલ નથી.

૧.૫ વાદીની રજૂઆત છે કે, હું સીનીયર સીટીઝન હોય, એકલો રહેતો હોય, બી.પી.ની તકલીફ હોય, મૂળી વિજ કચેરી દ્વારા વારંવાર નોટીસ મોકલવામાં આવે છે. જેનાથી કોઈ પ્રોબ્લેમ થશે તો, જવાબદારી વિજ કચેરી ના નાયબ ઈજનેરશ્રી ની રહેશે તેવું જણાવવા છતાં, કોઈ જવાબ આપવામાં આવેલ નથી.

૧.૬ વાદીએ જરૂરી દસ્તાવેજી પુરાવા રજૂ કરીને ન્યાયની માંગણી કરવામાં આવેલ છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ શ્રી પનારીયા જયંતિભાઈ ધનજીભાઈ, ગામ–ઉમરડા ગામમાં રહેઠાણ ધરાવે છે. તેઓ ગ્રાહક નં–૨૭૬૪૪/ ૦૦૦૦૬/૬ થી ૮ કિ.વો નું (L-1) ઔધોગીક (ફલોરમીલ) વિજ કનેકશન ધરાવતા હતા. (જુના લેઝર મુજબ)

૨.૨ વાદીનું જુનું લેઝર તપાસતાં, તેમાં ૧૦ એચ.પી.નું ફલોર મિલ માટેનું વિજ કનેકશન ધરાવતા હતા. જુના લેઝર માં કનેકશન ની રીલીઝ તારીખ દર્શાવેલ નથી. પણ જુનું લેઝર ફેબ્રુ–માર્ચ–૧૯૯૯ થી જનરેટ થયેલ છે. જે લેઝર માં વિજ કનેકશન નું સ્ટેટસ ફેબ્રુ–માર્ચ–૧૯૯૯ થી એપ્રિલ–મે–૨૦૦૦ સુધીનાં બિલીંગ પીરીયડમાં "D" જોવા મળે છે. તેમજ ફેબ્રુ–માર્ચ–૧૯૯૯ ના લેઝરમાં બાકી રકમ રૂ.૬૩,૩૦૩/૨૯ જોવા મળે છે. વાદી દ્વારા નિયમીત રીતે વિજ બિલ ભરપાઈ કરવામાં આવેલ ન હતા. જેના લીધે સદર વિજ જોડાણ અગાઉ હંગામી ધોરણે કાપવામાં આવેલ હતું. જે ચાલુ કરવા માટે રીકનેકશન ચાર્જ ની રકમ વાદી દ્વારા ભરેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે.

૨.૩ વાદીનું જુનું લેઝર તપાસતાં, સદર વિજ કનેકશન જુન–જુલાઈ–૨૦૦૦ માં પીડીસી થયેલ છે અને ત્યારે, લેઝરમાં રૂ.૬૯,૩૧૧/૮૮ બાકી રહેલ હતા. ત્યારબાદ, ગ્રાહક દ્વારા તા.૭/૫/૨૦૦૨ ના રોજ રૂ.૩૭,૬૦૦/– ભરેલ હતા. જે ભરેલ રકમ પર રૂ.૩૩,૩૦૮/૭૨ વ્યાજ સીસ્ટમ દ્વારા ઉધારવામાં આવેલ હતું. જેથી, કુલ બાકી રહેતી રકમ (બાકી રકમ રૂ.૬૯,૩૧૧/૮૮ ભરેલ રકમ રૂ.૩૭,૬૦૦/– + વ્યાજ રૂ.૩૩,૩૦૮/૭૨) રૂ.૬૫,૦૨૦/૬૦ લેઝર માં જોવા મળે છે.

૨.૪ સદર કેસમાં તા.૨૬/૭/૨૦૨૨ ના રોજ થયેલ જણાવ્યા મુજબ અત્રેની કચેરીના તાબા હેઠળ આવેલ પેટા વિભાગીય કચેરીમાં સદર ગ્રાહકની જુની કેસ ફાઈલ તેમજ ગેટ પાસનો રીપોર્ટ જોતાં, સદર ગેટ પાસ ૧૯૯૭ ના વર્ષનો હોય, તેના કોઈ દસ્તાવેજી પુરાવા મળી શકેલ નથી. અને વિભાગીય કચેરીના સ્ટોરમાં તપાસ કરાવતાં, સદર ગેટ પાસ નંબર -- ૦૦૧૦૧૦ ની સીરીઝના કોઈ ગેટ પાસ પેટા વિભાગીય કચેરી, મૂળી ને આપવામાં આવેલ નથી. વધુમાં, સદર ગ્રાહકનો લેઝર રીપોર્ટ પણ અત્રેની વર્તુળ કચેરી ખાતે તપાસ કરાવતા, માર્ચ–૧૯૯૯ થી ઉપલબ્ધ થાય છે. જે મુજબ માર્ચ–૧૯૯૯ થી ડિસે–૨૦૦૬ સુધીના રીપોર્ટ ની નકલ આ સાથે જોડેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૨.૫ વધુમાં, અરજદાર દ્વારા નાણાં ભરપાઈ કર્યા તે સમયનો લોક અદાલતમાં નાણાં ભરપાઈ કર્યાનો રેકર્ડ તપાસતાં, સદર કેસ લોક અદાલતમાં પણ સમાધાન થયેલ નથી. પરંતુ, પનારીયા જયંતિભાઈ ધનજીભાઈ ને કોર્ટ દ્વારા તા.૧૧/૯/૨૦૨૧ તથા તા.૧૨/૩/૨૦૨૨ ની લોક અદાલતમાં સમાધાન કરવા અંગે નોટીસ આપેલ છે. જે આપની જાણ સારૂં.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદારશ્રી જયંતિભાઈ ધનજીભાઈ પનારીયા, ગામ–ઉમરડા દ્વારા તેમના પીડીસી થયેલ ઈન્ડ. વિજ કનેકશનનું બિલ બાકી નીકળવા બાબતે પ્રતિવાદી સાથે તકરાર થતા ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ તા.૨૬/૭/૨૦૨૨ ની પ્રથમ સુનાવણી દરમ્યાન બન્ને પક્ષો એ હાજર રહી, પોતાનો પક્ષ રજૂ કરેલ, જે બાબતે ફોરમને વધુ સ્પષ્ટીકરણ જરૂરી જણાતા, જુના દસ્તાવેજી પુરાવા અને વિગતો મેળવવા મુદત પાડવામાં આવેલ.

૩.૩ આજરોજ તા.૨૩/૮/૨૦૨૨ ની બીજી મુદતમાં બન્ને પક્ષો હાજર રહેલ છે. પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા વિગતવાર જવાબ રજૂ કરેલ છે. તેમજ વાદી દ્વારા વધુ રજૂઆત ફોરમને રજૂ કરેલ છે. આ તબકકે ફોરમને જણાય છે કે, અગાઉ વાદી ગ્રાહક નં–૨૭૬૪૪/૦૦૦૦૬/૬ થી ૮ કિ.વો. ઔધોગીક વિજ કનેકશન ધરાવતા હતા. જે ગેટ પાસ નં–૦૦૧૦૧૦ તા.૧૮/૩/૧૯૯૭ થી પીડીસી કરી માલ સામાન જમા કરાવવામાં આવેલ હોવાનું વાદી જણાવે છે. પરંતુ, તે બાબતે કોઈ વિશ્વાસપાત્ર આધાર પુરાવાઓ બન્ને પક્ષ પાસે હયાત નથી.

૩.૪ પ્રતિવાદીના જણાવ્યા મુજબ, વાદીનું જુનું લેઝર તપાસતાં, તેમાં ૧૦ એચ.પી.નું ફલોર મિલ માટેનું વિજ કનેકશન ધરાવતા હતા. જુના લેઝરમાં કનેકશન ની રીલીઝ તારીખ દર્શાવેલ નથી. પણ જુનું લેઝર ફેબ્રુ–માર્ચ–૧૯૯૯ થી જનરેટ થયેલ છે. જે લેઝર માં વિજ કનેકશન નું સ્ટેટસ ફેબ્રુ–માર્ચ–૧૯૯૯ થી એપ્રિલ–મે–૨૦૦૦ સુધીનાં બિલીંગ પીરીયડ માં ડી જોવા મળે છે. તેમજ ફેબ્રુ–માર્ચ–૧૯૯૯ ના લેઝરમાં બાકી રકમ રૂા.૬૩,૩૦૩/૨૯ જોવા મળે છે. વાદી દ્વારા નિયમીત રીતે વિજ બિલ ભરપાઈ કરવામાં આવેલ ન હતા. જેના લીધે સદર વિજ જોડાણ અગાઉ હંગામી ધોરણે કાપવામાં આવેલ હતું. જે ચાલુ કરવા માટે રીકનેકશન ચાર્જ ની રકમ વાદી દ્વારા ભરેલ છે.

વાદીનું જુનું લેઝર તપાસતાં, સદર વિજ કનેકશન જુન–જુલાઈ–૨૦૦૦ માં પીડીસી થયેલ છે અને ત્યારે, લેઝરમાં રૂા.૬૯,૩૧૧/૮૮ બાકી રહેલ હતા. ત્યારબાદ, ગ્રાહક દ્વારા તા.૭/૫/૨૦૦૨ ના રોજ રૂા.૩૭,૬૦૦/– ભરેલ હતા. જે ભરેલ રકમ પર રૂા.૩૩૩૦૮/૭૨ વ્યાજ સીસ્ટમ દ્વારા ઉધારવામાં આવેલ હતું. જેથી, કુલ બાકી રહેતી રકમ(બાકી રકમ રૂા.૬૯,૩૧૧/૮૮ ભરેલ રકમ રૂા.૩૭,૬૦૦/– + વ્યાજ રૂા.૩૩,૩૦૮/૭૨) રૂા.૬૫,૦૨૦/૬૦ લેઝર માં જોવા મળે છે.

સદર કેસમાં તા.૨૬/૭/૨૦૨૨ ના રોજ થયેલ જણાવ્યા મુજબ અત્રેની કચેરીના તાબા હેઠળ આવેલ પેટા વિભાગીય કચેરીમાં સદર ગ્રાહકની જુની કેસ ફાઈલ તેમજ ગેટ પાસનો રીપોર્ટ જોતાં, સદર ગેટ પાસ ૧૯૯૭ ના વર્ષનો હોય, તેના કોઈ દસ્તાવેજી પુરાવા મળી શકેલ નથી. અને વિભાગીય કચેરીના સ્ટોરમાં તપાસ કરાવતાં, સદર ગેટ પાસ નંબર– ૦૦૧૦૧૦ ની સીરીઝના કોઈ ગેટ પાસ પેટા વિભાગીય કચેરી, મૂળી ને આપવામાં આવેલ નથી. વધુમાં, સદર ગ્રાહકનો લેઝર રીપોર્ટ પણ અત્રેની વર્તુળ કચેરી ખાતે તપાસ કરાવતા, માર્ચ –

Grievance Redressal Forum PGVCL Bhavnagar

૧૯૯૯ થી ઉપલબ્ધ થાય છે. જે મુજબ માર્ચ–૧૯૯૯ થી ડિસે–૨૦૦૬ સુધીના રીપોર્ટ ની નકલ આ સાથે જોડેલ છે.વધુમાં, અરજદાર દ્વારા નાણાં ભરપાઈ કર્યા તે સમયનો લોક અદાલતમાં નાણાં ભરપાઈ કર્યાનો રેકર્ડ તપાસતાં,સદર કેસ લોક અદાલતમાં પણ સમાધાન થયેલ નથી. પરંતુ, પનારીયા જયંતિભાઈ ધનજીભાઈ ને કોર્ટ દ્વારા તા.૧૧/૯/૨૦૨૧ તથા તા.૧૨/૩/૨૦૨૨ ની લોક અદાલતમાં સમાધાન કરવા અંગે નોટીસ આપેલ છે

૩.૫ આમ, ઉપરોકત વિગત પરથી જણાય છે કે, પ્રતિવાદી પીજીવીસીએલ ની કચેરી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી બરાબર માલૂમ પડે છે, પ્રતિવાદી દ્વારા વાદીને પૈસા ભરપાઈ કરવા તા.૧૧/૦૯/૨૦૨૧ તા.૧૨/૦૩/૨૦૨૨ થી કોર્ટ દ્વારા સમાધાન કરવાની નોટીસ આપેલ પણ વાદી દ્વારા તેનો લાભ લેવામાં આવેલ નથી. આમ, પ્રતિવાદી દ્વારા બાકી કાઢવામાં આવેલ રૂ.૬૫,૦૨૦/૬૦ વસુલવાપાત્ર છે અને વાદીએ તે ભરવાપાત્ર છે.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણ બાગ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મહેતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(ગેરહાજર)
(એ.એ.જાડેજા)
ટેકનીકલ સભ્યશ્રી

(એન.સી.મકવાણા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કં.લી.:ભાવનગર.

તારીખ :– ૨૩/૦૮/૨૦૨૨.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar